# સતત અવેલેબલ રહેવું એટલે સ્વનું અવમૂલ્યન

**તેઓ તેમને હળવાશમાં એટલે કે ટેકન ફોર ગ્રાન્ટેડ લઈને તે આ શુભ ચિંતક તરીકે કરેલા કાર્યને બિલકુલ ગણતા જ નથી. ‘આ તો છે જ ને ક્યાં જવાનો છે’ - અને તેઓ એવી વ્યક્તિઓ પાછળ દોડે છે જેને તે મેળવી શક્યા હોતા નથી. એટલે કે આપણું કોઈ મૂલ્ય ત્યાં રહ્યું હોતું નથી**

**મહામંથન**
ભરત સંઘવી

કેટલાક લોકો પરગજુ સ્વભાવના હોય છે. સ્વનું નહીં પરમાર્થનું સતત ભલુ વિચારતા હોય છે. આ માટે તેઓ તન, મન અને ધનથી બીજા માટે ખર્ચાવા માટે હંમેશા તૈયાર હોય છે. સામેની વ્યક્તિ સ્વજન, મિત્ર કે સગાવહાલા કે પ્રિયજન કોઈપણ હોઈ શકે. તેમને મન તેનું એટલું મહત્ત્વ હોય છે કે સતત સમય, શક્તિ અને નાણાં ખર્ચવા માટે બેતાબ હોય છે.

સામેવાળી વ્યક્તિને મન તેની કોઈ કદર, સ્વીકૃતિ કે કૃતજ્ઞતાનો ભાવ બિલકુલ હોતો જ નથી. તેઓ તેમને હળવાશમાં એટલે કે ટેકન ફોર ગ્રાન્ટેડ લઈને તે આ શુભ ચિંતક તરીકે કરેલા કાર્યને બિલકુલ ગણતા જ નથી. ‘આ તો છે જ ને ક્યાં જવાનો છે’ - અને તેઓ એવી વ્યક્તિઓ પાછળ દોડે છે જેને તે મેળવી શક્યા હોતા નથી. એટલે કે આપણું કોઈ મૂલ્ય ત્યાં રહ્યું હોતું નથી. તમે તેને ટોપ પ્રાયોરિટીમાં રાખો પણ તેઓની પ્રાથમિકતામાં તમે દૂર સુધી ક્યાંય હોતા નથી!

‘મેં ક્યાં માગ્યું હતું? મેં તમને ક્યા કહ્યું હતું કે મારી મદદ કરો. એ તો તમે મને આપ્યું!’

જ્યારે તમને એ વ્યક્તિ સાથે કંઈક વાંધો પડે તો તેનો આવો પ્રતિભાવ હોય છે, ત્યારે દુઃખ થવું એ સ્વાભાવિક છે, સર્વન્ટથી માડી સંતાન સુધી સગાથી માંડીને સ્નેહી સુધી કે મિત્રો તરફથી આવા પ્રત્યાઘાત આપણને સાંભળવા મળે ત્યારે આપણને થાય કે આ વ્યક્તિ માટે મેં શું શું નથી કર્યું! આપણને દુઃખ થાય. આપણને થાય કે આના માટે મેં કેટલો સમય, શક્તિ વાપરી, પૈસો વાપર્યો, આપણાં સંસાધનો વાપર્યા, આપણી વગ વાપરી, આપણું કામ બાજુએ રાખી તેના માટે દોડાદોડી કરી હોય પછી તેને આપણાથી કંઈક વાંકુ પડે ત્યારે આપણને સંભળાવી દે ત્યારે આપણને એક આંચકો લાગતો હોય છે કે, આવી વ્યક્તિ માટે મેં મારો સમય, શક્તિ અને સંસાધનો વાપર્યા! આવું મને અને તમને થવું એ સ્વાભાવિક છે ત્યારે તમારી પાસે બે જ વિકલ્પ બાકી રહે છે.

એક તો એ કે તમે જેને આપ્યું છે તેને ‘આપવાનો આનંદ- જોય ઓફ ગિવિંગ’ માનીને ભૂલી જાવ અને ખુશ રહો અને બીજો વિકલ્પ છે કે સામેની વ્યક્તિ જ્યાં સુધી તમારી પાસે કંઈ માગે નહીં ત્યાં સુધી સમય, શક્તિ તન, મન, ધન, દોડાદોડી કશું કરો જ નહીં. તેમને તેમના હાલ ઉપર છોડી દો તેઓ તેની રીતે વ્યવસ્થા કરી લેશે. આખી દુનિયાના પ્રશ્નો સોલ્વ કરવાની તમારી જવાબદારી નથી! સત્ય આજ છે અને આજના સમયનું સત્ય તો આ જ છે!

સામેનો વ્યક્તિ ભલે તે તમારું પ્રિયજન હોય જ્યાં સુધી માગે નહીં, તમને કહે નહીં ત્યાં સુધી સમય, શક્તિ, નાણું, ને સંસાધન ખર્ચવાનો કોઈ અર્થ નથી. તેમના માટે દોડાદોડી કરવાની કોઈ જરૂર નથી તેમના વિશે હકારાત્મક વિચારવાની પણ કોઈ જરૂર નથી. આવું મેં પણ અનુભવ્યું છે અને તમે પણ અનુભવ્યું હશે માટે સામેવાળી વ્યક્તિને જ્યાં સુધી આ મદદ, શક્તિ નાણાંની જરૂર ના હોય ત્યાં સુધી સામે ચાલીને, સામે પગલે ચાલીને તેના માટે બિલકુલ ખર્ચાઓ નહીં. તે આપણો સંપર્ક કરે છે અને માગે તો તમારી ત્રેવડ હોય તેટલી બનતી મદદ ચોક્કસ કરો પણ સામેથી તો નહીં જ. ‘ગમતા નો ગુલાલ કરવો’ એ સારી વસ્તુ છે પણ અન્ય માટે સતત હાજર રહેવું અને સામે કૃતજ્ઞતાભાવ ના હોય, કદર ના હોય તો સ્વનું અવમૂલ્યન ચોક્કસ થાય છે.

**ભરત મંત્ર:-**

તમે નવ્વાણુ દાખલા સાચા ગણો પણ છેલ્લો દાખલો કોઈ પણ કારણસર સોલ્વ ન થાય તો આગળ કરેલા બધા જ કાર્યોની કિંમત શૂન્ય થઈ જાય છે!



અનુસંધાન પાના એકનું
## અબીલ ગુલાલ

ડેડ અને મોમ કરતાં ભાઈ-બા અથવા બાપૂજી-બામાં વધુ સજીવતા લાગે છે. ટીચર એક પ્રૉફેશન લાગે છે જ્યારે શિક્ષકમાં ગુરુ તરીકે શિક્ષણ અને સંસ્કાર આપવાની ભાવના સમાહિત છે.

ગુજરાતીઓને અંગ્રેજી નથી આવડતું એવા ટોણા એટલા લાગ્યા કે અંગ્રેજી માધ્યમનો મહિમા વધી ગયો. ગુજરાતી માધ્યમની શાળાઓ દીવો લઈને શોધવા જવી પડે તેટલી ઓછી છે. આજે ગુજરાતીઓને આજે નથી બરાબર અંગ્રેજી આવડતું, ગુજરાતી તો સાવ નથી આવડતું. ‘ળ’ક્યાં આવે? ‘ડ’ક્યાં આવે? ‘ણ’ક્યાં આવે? ‘પાળવું’ અને ‘પાડવું’ બંને સાવ જુદા અર્થવાળા છે. ‘મેળો’ અને ‘મેડા’વચ્ચેનો તફાવત ‘ફ્લૉર’ની ભાષા સમજતા લોકોને સમજવો અઘરો છે. કૂતરો પાળવો કહેવાય. પાટીમાં અક્ષર પાડવો કહેવાય. (જોકે આજે તો પાટી પણ નથી રહી. સીધી નૉટબુક આવી જાય છે.)

ગુજરાતીને શિક્ષણમાં મરજિયાત બનાવીને તેનો છેદ જ ઉડાવી દેવાયો છે. સમાચારપત્રોથી માંડીને ફિલ્મોમાં ગુજરાતીનું ગળું વધુ ને વધુ ઘોંટાઈ રહ્યું છે. ગુજરાતી ફિલ્મોનાં નામો અંગ્રેજીમાં રાખવામાં આવે છે- ‘જય માતાજી-લેટ્સ રૉક’, ‘જલસો: અ ફેમિલી ઈન્વિટેશન’, ‘ઓમ્ મંગલમ્ સિંગલમ્’, ‘આંટીપ્રિન્યૉર’, ‘ડીયર ફાધર’... એલાવ, એટલું તો વિચારો કે ગૂગલમાં તમારી ફિલ્મનું નામ શોધવું હશે તો આ નામો લખવાથી ગૂગલેય મૂંઝાઈ જશે કે કયું બતાવું? અંગ્રેજી કે ગુજરાતી? ગુજરાતી કલાકારોને ફિલ્મોમાં રૉમન સ્ક્રિપ્ટમાં સંવાદો લખીને આપવા પડે છે તે તો કેવી હદ કહેવાય! પટેલનો ઉચ્ચાર પઠેલ કરે ત્યારે હિંસક વિચારો ન આવે? અને કલાકારો અથવા તો ઉદ્યોગ-ધંધા ક્ષેત્રના લોકો પાછા ઈન્ટરવ્યૂ આપે ત્યારે ચાર આખાં વાક્યો માંડ ગુજરાતીમાં બોલે ! અમદાવાદ, સુરતમાં તો અજાણ્યા ગુજરાતીઓ પણ વાતની શરૂઆત હિન્દીથી કરે! આઠ ધોરણ પાસ હર્ષભાઈ સંઘવી વિશ્વ આર્થિક મંચ પર અંગ્રેજીમાં સારું ભાષણ કરી આવ્યા તે જેટલા હરખના સમાચાર બને છે તેટલા જ હરખના સમાચાર એમ.એ., એમ. કૉમ, એમ.એસસી. કે યુપીએસસી ઉત્તીર્ણ યુવાન સારું ને ચોખ્ખું ગુજરાતી સ્પષ્ટ બોલે તેના થાય તેવા દિવસો આવ્યા છે. બાકી, કહેવાતી નિરક્ષર પ્રજાએ તો ગુજરાતી જાળવી જ છે.

સરકારના ખરડા પણ હવે અંગ્રેજી નામોવાળાં! પ્રૉહિબિશન ઍક્ટ, લેન્ડ ગ્રેબિંગ ઍક્ટમની લૉન્ડરિંગ. અમદાવાદના બજેટમાં ‘આઈકૉનિક રૉડ’ અને ‘એલિવેટેડ કૉરિડૉર’ બનાવવા જાહેરાતો થાય છે. આવાં નામોથી વજન પડે છે, યૂ નૉ ! ગુજરાતમાં, દુકાનો-રેસ્ટૉરન્ટનાં નામો ગુજરાતી નથી; બૅલીફ, ટેસ્ટ ઑફ ફલાણા, ફલાણી સ્વીટ્સ! અને પાટિયા પર ગુજરાતીમાં નહીં, અંગ્રેજીમાં લખાય છે. સમાચારપત્ર-સામયિકોમાં પણ હવે રૉમન સ્ક્રિપ્ટ ઘૂસાડાય છે. વડા પ્રધાનના બદલે પ્રધાનમંત્રી અને તેમાંય PM, મુખ્ય પ્રધાનના બદલે મુખ્ય મંત્રી અને તેમાંય CM! ગીતના બદલે સૉંગ. ‘સમર્પિત કર્યું’ના બદલે ‘ડેડિકેટ કર્યું’. જોકે માઈક્રૉસૉફ્ટ અને ગૂગલે ગુજરાતી કીબૉર્ડ આપીને, આદિત્ય ગઢવી, ડાયરાના કલાકારો અને સૉશિયલ મીડિયાના કારણે આજે ગુજરાતી હજુય જીવંત છે. ‘મોરેમોરો’, ‘રાણો રાણાની રીતે’, ‘હા મોજ હા’ જેવા શબ્દપ્રયોગો પ્રચલિત બને છે. ‘હતો હું સૂતો પારણે પુત્ર નાનો’ કે ‘ગોતી લો’ જેવી કવિતાઓ પ્રચલિત બને છે.

અનુસંધાન પાના આઠનું
## બોલ્યું ચાલ્યું માફ

**પત્ર-2**
**માનનીય સદસ્યગણ**

આપણી વચ્ચે કાયમ નોંકઝોંક થતી રહે છે- ખાસ કરીને તમે વિપક્ષના સદસ્ય હો તો. તમે જ કહો, કયા પ્રેમીઓ વચ્ચે નોંકઝોંક નથી થતી? આપણી વચ્ચેની આપ-લે તો મારા પ્રેમની નિશાની છે. હા, કોના પ્રત્યેના પ્રેમની, એ ન પૂછતા. કારણ કે તમને એ ખબર છે ને મને કહેતાં શરમ આવે છે. (મારું શરમથી હસું હસું થતું મોં તરત યાદ ન આવે તો, સાહેબ બોલતા હોય ત્યારના મારા ચહેરા પર આવતા ભાવ કલ્પી લેવા). આજના દિવસે હું મારા એ પ્રેમનો પુનરોચ્ચાર કરવા માગું છું અને એ પણ કહેવા માગું છું કે એ પ્રેમને ખાતર હું સર્વસ્વ -મારું નહીં, લોકશાહીનું -કુરબાન કરતાં ખચકાઈશ નહીં.

મારો પ્રેમ અમર રહો. લોકશાહીનું તમે જોઈ લેજો.

**પત્ર-3**

**માનનીય મતદારો**

આજનો દિવસ જ્ઞાનની નહીં, પ્રેમની વાતો કરવાનો છે, પણ હું તો નામથી મજબૂર છું. તમે તો જાણો છો કે હું તમને કેટલો પ્રેમ કરું છું. જેમને પ્રેમ કરતા હોઈએ તેમને ઓછામાં ઓછી તકલીફ પડે તેનું ધ્યાન રાખવાની હું મારી ફરજ સમજું છુ. એટલે જ, અગવડ વેઠીને, લાઈનમાં ઊભા રહીને, આંગળીએ શાહી લગાડાવ્યા પછી પણ ગમે તેવા લોકોને મત આપવાનો જે ત્રાસ તમને પડે છે, તે મારાથી જોવાતો નથી. તેમાંથી તમને મુક્તિ અપાવવા માટે તમારું નામ મતદાર યાદીમાંથી નીકળી જાય તેના જોરદાર પ્રયાસ હું કરી રહ્યો છું. ટીકાખોરો તો એ નહીં સમજે ને આપણા પ્રેમયજ્ઞમાં હાડકાં નાખવાનો પ્રયત્ન કરશે, પણ તમે ભરમાતા નહીં અને મારા પ્રેમ વિશે ગેરસમજ કરતા નહીં. આપણો પ્રેમ ઝિંદાબાદ, મતદારયાદી મુર્દાબાદ●

અનુસંધાન પાના એકનું
## બહુશ્રુત

ઈમેઈલ્સ પરથી સાબિત થાય છે કે પુરીને એપસ્ટીન સાથે થોડોઘણો ઘરોબો તો હતો કારણ કે તેમણે એપસ્ટીનના કોઈ આસિસ્ટન્ટ જેને ભારતીય લગ્ન અટેન્ડ કરવા હતા તેમને માટે વિઝાની વ્યવસ્થા કરવાની તૈયાર બતાડી હતી. વળી એપસ્ટીનના ‘એક્ઝોટિક આઇલેન્ડ’ વિશે પણ તેમને ખબર હતી. છતાં વિદેશ મંત્રાલય પાસે આ મુલાકાતોનો કોઈ રેકોર્ડ નથી.

ભાજપના જ સુબ્રમણ્યમ સ્વામીએ એપસ્ટીન ફાઇલો જાહેર થઈ તે પહેલાં વિસ્ફોટક દાવા કર્યા હતા. તેમની સામે માનહાનિનો કોઈ દાવો નહોતો કરાયો. સુબ્રમણ્યમ સ્વામીના દાવા અને ફાઈલો વચ્ચે સમાનતા કંઇક કડીઓ જોડાઈ તેમ લાગ્યું ત્યારે પણ કોઈ ચોખવટ ન કરી અને સંસદે પોતાના રેકોર્ડમાંથી પુરી વિશેના પ્રશ્નો કાઢી નાખ્યા.

૨૦૨૧માં મંત્રી તરીકે હરદીપ સિંહની પ્રગતિ એ યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયન તેલ પરના ડિસ્કાઉન્ટના સમયે થઈ એ પણ સવાલો ખડા કરે છે. ભારત જ્યારે અમેરિકાના દબાણ વચ્ચે રશિયા સાથે એનર્જી સંબંધોને મામલે સંતુલન સાધવાનો પ્રયાસ કરી રહ્યો છે ત્યારે એવો કોઈ મંત્રી જે અમેરિકન ઇન્ટેલિજન્સ એનન્સીઓની માહિતીને પગલે સંભવિત રીતે દબાણમાં હોઈ શકે તે ભારતના હિતમાં નિષ્પક્ષ વાટાઘાટ કરી શકે?

જેફ્રી એપસ્ટીન કોઈ વિકૃત અબજોપતિ નહોતો તે રાજકારણીઓને ઓળખતો હતો. તે એક જિઓ-પોલિટિકલ ‘ફિક્સર’ હતો જેના જાતીય ગુનાઓ તેના કામની એક પદ્ધતિ હતી, વિકૃતિ નહીં. કોમ્પ્રોમેટ એટલે કે કોઈપણ વ્યક્તિ વિશેની એવી માહિતી એકઠી કરવી જેના થકી તેને બ્લેકમેલ કરી શકાય, તેને સમાધાન કરવા મજબૂર કરી શકાય વગેરે. જેફ્રીની કામગીરી કોમ્પ્રોમેટના માળખાથી જ ચાલતી હતી. તેણે એવા લોકો સાથે ઓળખાણો રાખી જે મહત્વાકાંક્ષી નેતાઓ, ઉદ્યોગપતિઓ હોય અને જેને અમેરિકા, ઇઝરાયલ કે યુરોપના સત્તાના કેન્દ્રો સુધી પહોંચવું હોય. ચાવી રૂપ માણસો સાથે મુલાકાત ગોઠવવી, વધારાની ‘સર્વિસિઝ’ આપવી, અને આ બધાનું ડોક્યુમેન્ટેશન ઇમેઈલ્સ, પ્રોપ્રટીમાં ગોઠવાયેલા કોમેરાઝથી કરવું. જરૂર પડે ત્યારે આ બધી માહિતીઓ વાપરીને દબાણ કરીને ધાર્યું પરિણામ મેળવવું. હજી તો ઇન્ટેલિજન્સ એજન્સીઝ સાથેના જોડાણની વાતો ચર્ચામાં છે. પત્રકાર વિકી વોર્ડેના રિપોર્ટ અનુસાર ભૂતપૂર્વ યુએસ એટર્ની એલેક્ઝાન્ડર એકોસ્ટાએ ૨૦૦૮ની સોફ્ટ ડિલને મામલે એવું કહ્યુ હતું કે ‘તેમને કહેવામાં આવ્યું હતું કે એપસ્ટીન ઇન્ટેલિજન્સનો માણસ છે.’

ભારતના મામલે જે થયું તેમાં પણ આ પેટર્ન બંધ બેસે છે. આ કોઈ કાવતરું નથી. આ અમેરિકી કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલા ઈમેઈલ્સ, ફ્લાઈટ લોગ્સ અને નાણાંકીય રેકોર્ડ્સમાં નોંધાયેલી બાબતો છે.

તફાવત એકદમ સ્પષ્ટ છે: જ્યાં નોર્વે, યુકે અને સ્વીડન જેવા દેશોમાં એપસ્ટીન ફાઇલ્સમાં નામ આવતા જ નેતાઓએ રાજીનામાં આપ્યા. દસ્તાવેજી સંકેતો હોવા છતાં તપાસને બદલે પ્રેસ કોન્ફરન્સ યોજવી અને સંસદીય પ્રશ્નોને રેકોર્ડ પરથી ભૂંસી નાખવા યોગ્ય નથી. આ એક વ્યવસ્થિત પેટર્ન છે, યુએસ ‘ડીપ સ્ટેટ’ની એ પદ્ધતિ જેમાં ‘સેક્સ્યુઅલ કોમ્પ્રોમેટ’ દ્વારા વ્યક્તિગત નબળાઈઓને નીતિવિષયક દબાણમાં ફેરવવામાં આવે છે. ભારત જ્યારે રશિયા પાસેથી તેલ અને ક્વાડ (Quad) જેવા મહત્વના વ્યૂહાત્મક નિર્ણયો લઈ રહ્યું હોય, ત્યારે પ્રશ્ન એ થાય કે આ નીતિઓ કોના હિતમાં ઘડાઈ રહી છે?

# મહાનગરના લક્ઝુરિયસ એપાર્ટમેન્ટ કરતાં બાવીસ કિ.મી. દૂર આવેલી મસ્તમજાની વાડીમાં પાછલાં વરસ પસાર કરો યાર!



**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

રંગીલા રાજકોટમાં ગાંધીજી ભૂલા પડી જાય તો બનવા જોગ કે એમને કબા ગાંધીનો ડેલો શોધતાં શોધતાં નવ નેજાં થઈ જાય. રાજકોટનો વિકાસ અને વિસ્તાર જેટ ગતિએ થતો રહે છે અને એ ભલે સૌરાષ્ટ્રના સ્વતંત્ર રાજ્યની રાજધાની ન રહ્યું હોય પણ ગુજરાતના પાટનગર ગાંધીનગર કરતાં એનો દોરદમામ અદકેરો છે. અહીં શું નથી? ઈતિહાસ છે, ભૂગોળ છે, શિક્ષણ છે, રાજકારણ છે, અર્થકારણ છે અને સૌથી વધુ તો ધર્મકારણ છે! એ ગુજરાતની વૈકલ્પિક રાજધાની છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એના નામમાં જ ‘રાજ’ અને ‘કોટ’ જેવા બે શબ્દો છે. બેઉ શબ્દ રોયલ અર્થસંપૃક્ત છે. કોટ એટલે કિલ્લો. રાજ તો લોકશાહીમાં પણ સર્વપ્રિય શબ્દ છે. અમારા મિત્ર અને પૂર્વ મંત્રીએ એમના બંગલાનું નામ ‘રાજતિલક’ રાખેલું. જોકે આવું લોકતંત્ર વિરોધી નામ કેમ રાખ્યું એવું પૂછ્યું ત્યારે એમણે એનો સાંપ્રદાયિક સંદર્ભ જણાવતાં કહ્યું હતું કે અમારા પ્રણામી ધર્મમાં ભગવાન શ્રી કૃષ્ણ અને રાધાજી માટે ‘રાજશ્યામા’ શબ્દ વપરાય છે. મેં તો રાજ ઉર્ફે ભગવાન કૃષ્ણને તિલક કરતો હોઉં એવા ભાવથી આવું નામકરણ કર્યું હતું.

રાજકોટ ઈતિહાસ તો રચતું જ રહે છે. મનોહરસિંહ જાડેજા મુખ્યમંત્રી તરીકે શોભે એવા જાજરમાન નેતા હતા. પણ એ તક થોડાં વર્ષો પછી ભલાભોળા ખેડૂતપુત્ર કેશુભાઈ પટેલ ને મળી. એ પછી વજુભાઈ વાળામાં પણ સીએમ મટીરિયલ તો હતું પણ એમને નરેન્દ્ર મોદી નડ્યા તેમ જ ફળ્યા. છેલ્લે છેલ્લે રૂપાણીનું કિસ્મત જાગ્યું અને સુંવાળા તથા રૂપાળા લોકપ્રિય નેતા વિમાન અકસ્માતમાં હોમાઈ ગયા. હજી રાજકોટની રાજતરસ શમી ગઈ છે એવા ભ્રમમાં રહેવા જેવું નથી. ખોડલ રીઝે તો નવાજૂની થતાં વાર કેટલી? ભાઈ, આપણે તો માતાજીને માનનારા લોકો.

વિજય રૂપાણીના કરુણ અંજામ પછી રાજકોટવાસીઓ ઘણા ડઘાઈ ગયા હતા. રામકથા કરાવે છે, ભાગવત સપ્તાહ ઊજવે છે. મહાનગરને ધીરેધીરે કળ વળી રહી છે. મનોમન ગણગણતું હોય તો નવાઈ નહીં:

*‘ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?*
*આભ ઝરે છો આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર...’*

આ બધું સામટું સૂઝે છે એનું કારણ છે. હું સૌરાષ્ટ્ર પ્રવાસના અંતિમ ચરણમાં આ ભૌગોલિક નર્વસેન્ટરનો મહેમાન બનીને મારા એક લેખક મિત્રના ફાઈવસ્ટાર એપાર્ટમેન્ટ ખાતે રાતવાસો કરી પરત ફરી રહ્યો છું. આશ્ચર્યની બાબત એ છે કે સિત્તેર પાર કરી ચૂકેલા મારા પાટીદાર લેખક મિત્ર શૂન્યમાંથી સર્જન કરી પ્રામાણિક પુરુષાર્થથી સધ્ધર બન્યા છે. એમને કુદરતે દેવોને પણ દુર્લભ એવો રળિયામણો પરિવાર આપી એમની કલ્પના બહારની સ્થિતિએ પહોંચાડી દીધા છે. ઈમાનદારીપૂર્વક નિવૃત્ત થઈ સંયુક્ત પરિવારના વૈભવનો ઉપભોગ કરી રહ્યા છે. એ પોતે જાણીતી સહકારી બેંકના મેનેજર તરીકે નિવૃત્ત થયા છે અને બેઉ સંસ્કારી પુત્રો પોતપોતાની રીતે મબલખ કમાણી કરી રહ્યા છે. બાવીસ કિમી દૂર આવેલું સરપદડ ગામ એમનું માદરેવતન છે. અહીં એમની બાપીકી વાડી છે.

બાળપણમાં તદ્દન સામાન્ય ગામડિયા છોકરા જેવી અભાવગ્રસ્ત જીવન શૈલી. ઓછામાં ઓછી જરૂરિયાત વાળી. પાળેલાં પશુઓ સાથે પશુ જેવી સહજતા. ખેડૂત પરિવારના આ દીકરાને એ પ્રાકૃત જીવનશૈલી કોઠે પડી ગઈ હોઈ સિત્તેર પાર કરી દીધા પછી અઢળક વૈભવ વચ્ચે પણ એ સંપૂર્ણપણે તંદુરસ્ત છે. એ હરેક પળ આનંદમય બનાવી શકે છે. નથી ભૂતકાળમાં વેઠેલા અભાવોને યાદ કરી વ્યથા અનુભવતા કે નથી વર્તમાનના વૈભવી જીવનથી અંજાઈ જતા.

હા, પોતાની યાત્રા દરમિયાન ઈશ્વરે જે કંઈ આપ્યું છે એનો સંતોષ જરૂર અનુભવે છે. એમને સરસ ઘરપરિવાર મળ્યાં. પ્રેમાળ ઘરરખ્ખુ પત્ની, બે વફાદાર પિતૃભક્ત કંધોતર, સવાઈ દીકરીઓ સમી વહુવારુઓ અને એમની કૂખે ઊગેલાં ત્રણ સુગંધીદાર ફૂલ.

આવા પરિવારની મહેમાનગતિ પામનારાને પણ જરૂર પરભવમાં કોઈ પુણ્ય ફળી રહ્યાં છે એવું જ લાગે. ફાઈવસ્ટાર હોટલમાં રોકાયા કરતાં આવા ભર્યાભાદર્યા પરિવાર સાથે રહેવાની મજા જ કંઈક ઔર હોય છે. શરૂઆતના કપરા કસોટી કાળમાં કાળી મજૂરી કરી હોય અને પછી ઢળતી ઉંમરે પારિજાતના વૃક્ષની માફક પારિવારિક સુખનો સુગંધીદાર ઢગલો વળી ગયો હોય તેવું જ કંઈક. કવિઓએ પુરાણોમાં પારિજાતને સ્વર્ગનું વૃક્ષ કહ્યું છે. મનોમન મારા યજમાન લુણાગરિયા સાહેબને મેં કહ્યું: દોસ્ત, તમે ઉપરથી લખાવીને આવ્યા છો હોં! નસીબ આડે પાંદડું હતું એ સમય સાથે ખસતું ગયું અને ખેતર ખૂંદનારો ખેડૂતનો દીકરો નગરશેઠ કે રજવાડાના ઠાકોર જેવી સાયબીમાં આળોટતો થઈ ગયો. બટ આઈ ડોન્ટ એન્વી યોર એફ્લુઅંસ... યુ ડિઝર્વ ઈટ. કુદરત કવિન્યાયમાં માને છે. જેની જેવી લાયકાત હોય એને એવું સુખ આપે ત્યારે જ એને જંપ વળે છે.

પણ ત્યાં રાતવાસો કરી બીજા દિવસે સવારે વાડીએ ગયા ત્યારે મારો અભિપ્રાય યુ-ટર્ન લઈ ‘હાલો ભેરુ ગામડે’ ગણગણતો થઈ ગયો. અમે બે જૂના જોગી શહેરના ઘોંઘાટથી દૂર તપોવનમાં પ્રવેશી રહ્યા હતા. ન્યારી ડેમ બીજાની સોડમાં સૂતેલી સરપદડની સીમ કેવી હળુ હળુ ખીલી ઊઠે છે! એના ખુલ્લા આકાશ સામે પેલો રાક્ષસી મહાનગરનો વૈભવી નિવાસ તો એક બંધિયાર કારાવાસ જ લાગે. અત્યારસુધી એમના નસીબને વખાણતું મનનું માંકડું એકાએક ઠેકડા ભરતું બાળવયે માણેલો એ ખેતરવાસ સૂંઘી રહ્યું: યાર, ખરેખર નસીબદાર છો પણ નસીબ માણતાં ના આવડ્યું તમને! ચુપચાપ દીકરાવહુને સમજાવી દઈ, ઘરમેળે બેઉ જણાં એ સુંવાળી કેદમાં ગોંધાઈ રહ્યા કરતાં આ લીલી નાઘેર વાડીમાં રહેવા આવી જાઓ ને!

**ખરેખર નસીબદાર છો પણ નસીબ માણતાં ના આવડ્યું તમને ! ચુપચાપ દીકરાવહુને સમજાવી દઈ, ઘરમેળે બેઉ જણાં એ સુંવાળી કેદમાં ગોંધાઈ રહ્યા કરતાં આ લીલી નાઘેર વાડીમાં રહેવા આવી જાઓ ને !**

ઈન્દ્રને પણ હેઠે ઊતરવાનું મન થાય એવી ખીલી ઊઠી છે તમારી આ બાપીકી જાગીર. નાખી નજર ના પૂગે ત્યાં લગી અડાબીડ ઝાડવાં લહેરાઈ રહ્યાં છે. રખેવાળ દંપતીએ એક એક ઝાડને પંડની પરજા ગણી ઉછેર્યું છે. કેવા તો મહોર ઝૂલે છે આંબા ડાળે! જોઈ પેલી કોયલ? આપણે એને અજાણ્યા લાગ્યા એટલે ગભરાઈને ટહુકો ગળામાં દબાવીને બેઠી છે. બોરડીઓ નીચે પાકી પાકીને ખરી પડેલાં ચણીબોરના ગંજ ખડકાયા છે. એ રાનીપરજ વાળો આદિવાસી મજૂર તમારું નસીબ ભોગવી રહ્યો છે. તમારી જમીનમાં એણે ભાતભાતની શાકભાજી ઉગાડી છે. ચોખ્ખી હવા, ના કોઈ દર્દ કે દવા... ઉપર ગગન વિશાળ ને નીચે ધરતીમાતાનો હૂંફાળો ખોળો!

એ ખેતમજૂર દંપતીએ તાબડતોબ રોટલા ટીપી નાખ્યા અને ક્યારીઓમાંથી ચૂંટી લાવેલી તાજી મઘમઘતી શાકભાજી સાથે અમે ધરાઈ ધરાઈને, કદી પણ નહોતા ખાતા એટલું ભરપેટ ખાધું.

કોઈ પણ ફાઈવસ્ટાર હોટલના મોંઘામૂલા લંચ કરતાં એ દેશી ભોજન વધુ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હતું, હંડ્રેડ પર્સેન્ટ ઓર્ગેનિક! ●